Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY)
SINCE 2019
E-ISSN No. 2582 – 046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

# વર્લ્ડ હેરિટેજ સીટી અમદાવાદની સ્થાપના અને વિકાસ

(ભુપૃષ્ઠ અને સ્થળનામોની દ્રષ્ટીએ)

**01. Dr. Surendra B. Baria**
( M.A., M.Phil, PhD )
Assistant Professor (Class – II)
(Department Of History)
Govt. Arts & Science College,Morava(hadaf)
Email ID : surukumarbaria@gmail.com

**02. Mr. Pratapsinh R. Venziya**
( M.A., M.Phil) PhD Pursing
**PhD Scholar** (Department Of History)
Hemchandracharya North Gujarat University, Patan
Email Id : prince24193@gmail.com

## સારાંશ

ગુજરાતની સાંસ્કૃતિક વારસો ધરાવતું શહેર એટલે અમદાવાદ. ઈ.સ. ૧૪૧૧માં અમદાવાદની સ્થાપના ચાર અહમદોએ સરખેજ નિવાસી સંત શિરોમણી શેખ અહમદ ખટ્ટ ગંજબક્ષ, અહમદ શાહ, કાજી અહમદ અને મુલ્લાં અહમદ કરી હોવાના પુરાવાઓ મળી આવે છે. અનેક દંતકથાઓ પણ છે જેમાં આશા ભીલની પુત્રી શિપ્રા કે તેજાના પ્રેમમાં બાદશાહ આવ્યો ને આશાવલ પર આક્રમણ કરી શહેર વસાવ્યું. "જબ કુત્તે પર સસા આયા – તબ બાદશાહ ને શહેર બશાયા" પણ આ દંતકથાઓ સત્ય થી વેગળી છે. અમદાવાદના વિકાસ માટે પ્રાચીન સમયમાં થયેલા બાંધકામો અને સંસ્કૃતી પણ જવાબદાર છે જેમાં ભદ્રનો કિલ્લો, ત્રણ દરવાજા, જુમા મસ્જિદ, માણેક ચોક અને ૧૬૫ જેવી પોળોનો સમાવેશ થાય છે.

## અમદાવાદની સ્થાપના

વર્લ્ડ હેરિટેજ સિટીની સ્થાપનાની સાલ બાબતે વિધવાનો એકમત નથી .પરંતુ આ બાબતે રત્ન મણિરાવ ભીમરાવ જોટે એ પોતાના પુસ્તક 'ગુજરાતનું પાટનગર અમદાવાદ'માં પ્રકરણ નં ૩"અમદાવાદ વસ્યું"નામમાં વિવિધ વિધવાનો આપેલ તારીખ અને સાલ ની વિસ્તૃત ચર્ચા કરવા માં આવી છે. અને અંતે ઈ.સ. ૧૪૧૧માંઅમદાવાદની સ્થાપના થય એવા નિર્ણય પર આવ્યા હતા .આ શહેર ની સ્થાપના ચાર અહમદ દ્વારા કરવામાં આવી હતી . ચાર અહમદોમાં સરખેજ નિવાસી સંત શિરોમણી શેખ અહમદ ખટ્ટ ગંજબક્ષ, અહમદ શાહ પોતે અને બીજા બે અહમદો કે જેમણે એકેય નમાજ ન છોડી હોઈ તેવા કાજી અહમદ અને મુલ્લાં અહમદ હતા. આ ઉપરાંત અમદાવાદ શહેરની સ્થાપના બાબતે અનેક દંતકથાઓ પણ છે. જેમ કે આશા ભીલની પુત્રી શિપ્રા કે તેજાના પ્રેમમાં બાદશાહ આવ્યો ને આશાવલ પર આક્રમણ કરી શહેર વસાવ્યું. "જબ કુત્તે પર સસા આયા – તબ બાદશાહ ને શહેર બશાયા" પણ આ દંતકથાઓ સત્ય થી વેગળી છે .

## અમદાવાદનો વિકાસ

અમદાવાદ શહેર સાબરમતી નદીને પૂર્વે કિનારે સૌ પ્રથમ પાયામાં ઈંટ શેખ અહમદ ખટ્ટ એ મૂકીને ચારે અહમદો ચારે દિશામાં દોરી પકડીને બાંધકામ શરુ થયું. સ્થાપના સમયના વિસ્તારની વાત કરીએ તો માણેક બુરજથી જવાહરપુલ સુધી

Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

અને ત્યાંથી  લાલ દરવાજા અને ભિક્ષુ અખાડાનંદ હોલ સુધી બાંધકામ ના અવશેષ દેખાય છે .શરૂઆતના બાંધકામમાં શાહી મહેલ , શાહી મસ્જિદ અનેરાજાના સેવકો માટેનું બાંધકામ હોઈ તેમ જણાય છે.

### ❖ ભદ્રનો કિલ્લો

અમદાવાદ શહેરનો પાયો નાખનાર અહમદ શાહે સૌ પ્રથમ ભદ્રનો કિલ્લાનું બાંધકામ કરાવ્યું હતું. આ ભદ્રને આઠ દરવાજા હોવાનું નોંધાયું છે. તેઓમાંનાબે પૂર્વમાં એક અગ્નિ ખૂણે બે ઉત્તરમાં એક દક્ષિણમાં અને બે પશ્ચિમ માં હતા. ભદ્રનો આ વિસ્તાર સૌ પ્રથમ તૈયાર થયો. પરંતુ એની પૂર્વમાં પણ અહમદ શાહે કિલ્લાનો વિસ્તાર કર્યો લાગે છે. આ કિલ્લાનો વિસ્તાર ત્રણ દરવાજાની સુધી હોવાનું સ્પષ્ટ થાય છે.

### ❖ ત્રણ દરવાજા

ત્રણ દરવાજા એ ત્રિપોલિયામુખ્ય પ્રવેશદ્વારનું નામ છે.આ ત્રણ દરવાજાથી ભદ્ર સુધીનો વિસ્તાર “શાહી વિસ્તાર” હોવાનું સમજાય છે. એ ખુલ્લું મેદાન હતું. આ વિસ્તારમાં આજે પણ વસ્તી ઓછી છે. અમદાવાદનું ખાસ-બજાર આ વિસ્તારમાં છે.ત્રણ દરવાજાની બંને બાજુ તપાસતા ત્યાં નાના ટેકરા પર વસાહતો છે. આ ટેકરાઓની ઉંચાઈ ભદ્ર તરફ ઘટતી જાય છે. અને અહીના ઢોળાવ દક્ષિણે રાયખેડ તરફ અને ઉત્તરે લાલ દરવાજા બહાર તરફ જતાં નજરે પડે છે.એ જૂની ભૂરચના સૂચવે છે.આ ‘ખાસ-બજાર’ નામ શાહી બજાર માટે વપરાય તેમાં ફૂલ મીઠાઈ વગેરેબનાવનારની દુકાનો તથા ભઠીયાર ગલી છે. ત્રણ દરવાજા બહાર એક તરફ ઢાલગરવાડ છે, સામી બાજુએ ચુડીઓળ પટવાશેરી અને સલાપસ રોડ છે તેમાં પણ રાજ્યોને જરૂરી વસ્ત્રો, જનાનાના શણગારો તથા હથિયારોની જરૂર પૂરી પાડે એવું આયોજન હતું.

### ❖ જુમા મસ્જિદ

અહમદશાહના પ્રપિતામહ ટાંક રાજપુત હતા. એમણે ઇસ્લામનો સ્વીકાર કર્યો હતો અને ફિરોજશાહ તઘલખના દરબારમાં સારું સ્થાન હતું. આ ટાંક મુસલમાનો એ જયારે નવો રાજમહેલ બંધાવ્યો ત્યારે રાજમહેલ બહાર મસ્જિદ પણ બંધાવી હતી. આ મસ્જિદ આમજનતા માટે હતી. આમ અમદાવાદમાં પણ શાહી મહેલ બહાર જુમા મસ્જિદ આવેલી છે. દિલ્હીમાં પણ આજ પ્રમાણે છે.અહમદશાહે જાણે કે ફાતેહા ની નમાઝ માટે જુમા મસ્જિદ બાંધી હોઈ એવો ભાવ પેદા થાય છે. કારણ કે દફન વખતે અને ત્યારબાદ નમાઝ પઢવા માટે મસ્જિદ જરૂરી ગણાય છે અને કબ્રસ્તાનોમાં આવી કનાતી મસ્જીદો હોય છે.એવું સ્થાન અમદાવાદમાં જુમા મસ્જીદ ધરાવે છે.આ મસ્જિદની આજુબાજુ ધીમે ધીમે નગરનો વિકાસ થતો ગયો.

### ❖ માણેક ચોક

માણેક ચોકનો વિસ્તાર અત્યારે અમદાવાદના કેન્દ્ર સ્થાને છે. પરંતુ એની શરૂઆતમાં ગામને છેડે હોવાનો પૂરતો સંભવ છે. માણેક ચોક વિસ્તારમાં માણેકનાથની ઝુંપડી તથા મસાણીયા હનુમાનનું સ્થાન છે. અને અહમદશાહનો રોજો તથા રાણીનો હજીરો છે.મસાણીયા હનુમાન સાથે ‘સ્મશાન’ સંકળાયેલું છે. નાથસંપ્રદાયના સાધુઓ મોટે ભાગે ગામ બહાર રહેતા. સ્મશાન પણ મોટે ભાગે ગામની બહાર ઉતર દિશામાં હોઈ છે.આ માન્યતા ને પુરાવો આપે તેવા સ્થાન માણેક નદી અને ઢીંકવા ચોકી ગણી શકાય.એનુંકારણ અહીનું નાળું તથા વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિ છે. અહી ખાનજાહનની કબર પણ છે. આ કબરો અને રોજા આ સ્થળ ની સીમંત પરિસ્થિતિ સૂચવે છે. પરંતુ આ પરિસ્થિતિ નો નગર રચના માં ઝડપથી ફેરફાર થતો

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

ચાલ્યો હોવાનું સમજાય છે.આ જ રીતે આ નાળાની પૂર્વે આવેલી ઢીંકવા ચોકી શબ્દ ઢીંકવો અર્થાત્ પાણી ઉલેચવાનું સાધન દર્શાવે છે. આમ ભૂગોળ સ્થળ નામો તથા સ્થાપત્યો અને પુરાવસ્તુઅહમદશાહ ના અમદાવાદનું સુચન કરે છે.

**પરાઓનો વિકાસ**

અમદાવાદની આજુબાજુ પરાઓનો વિકાસ થયેલો છે. જેની નોંધ અબુલફજલે લીધી છે. અને એનો ઉલ્લેખ મિરઝા અલી મુહંમદખાને કરેલો છે. પરાઓની વસતિ શહેરનીલાક્ષણિકતા ગણાય છે. મૂળ શહેરનો વિકાસ થતાં એની આજુબાજુ પરા વિકસે છે.તેથી ગામો અને નગરના વિકાસમાં પરાઓનું સ્થાન મહત્વનું છે. એનો વિકાસ નગર કે ગામની બહાર થાય છે. તેથી એનું વિશિષ્ટ નામ પણ આપવામાં આવે છે.પરાંઓનો વિકાસ શરૂઆતમાં રહેઠાણ તરીકે અને ત્યાર બાદ ધંધા વેપાર વગેરે પ્રવૃતિઓ વિકસતા સ્વતંત્ર શહેર તરીકે થાય છે. આ દ્રષ્ટીએ જોતાં અમદાવાદમાં ભદ્ર, ખાસ બજાર, પાનકોર નાકા અને માણેકચોક વિસ્તાર છોડીને એની આજુબાજુ નજર કરતા ત્યાં વિવિધ પરા વિકસેલા દેખાય છે.

શહેર ની આજુબાજુ પરાઓ વિકસવાના કારણો ની વાત કરીએ તો શહેર કે રાજધાની ની આજુબાજુ માં ઘણા સૂફીઓ સૈયદો વસવાટ કરતા. આ મુસલમાન સંતો પણ નાથસંપ્રદાય ના સાધુઓની માફક એકાંત વાસમાં ખુદાની બંદગીમાં સમય વિતાવતા હતા. એમના સ્થાન અમદાવાદની બહાર હતા, કુતુબેઆલમ પ્રથમ આશાવલપાસે રહ્યા અને પછી વટવા જતાં રહ્યા. રસુલાબાદ ઉસ્માનપુરા વગેરે ઘણા અમદાવાદની આજુબાજુ મુખ્યત્વે મધ્ય એશિયા તરફથી આવેલા સંતો અને એમના શિષ્યોએ વસાવેલા. આવી રીતે વિકસેલા પરાઓને લીધે છૂટીછવાઈ વસ્તી વધી. સામાન્યતઃ નગર બહાર બૌદ્ધ સ્તૂપો, વિહારો, શૈવસાધુઓના નિવાસ રૂપે મઠો, ઈત્યાદિની પરંપરા ભારતમાં તેમજઅન્ય દેશોમાં છે તેના જેવી આ રચના દેખાય છે. એમના સ્થાનોની આજુબાજુ વસ્તી વિકસે છે. કેટલીકવાર સાધુ સંતોને મળવા આવનાર લોકો એમના સ્થાનકો આજુબાજુ ઈમારત વગેરે બંધાવીને પરા વિકસાવે છે, તો કોઈ વાર મકબરાની ખિદમત માટે પણ મોટાં પરા વિકસે છે.

અમદાવાદને રાજધાનીનું શહેર બનાવતાં એનો વિકાસ સ્વાભાવિક રીતે થાય, તેથી મૂળ અહમદશાહ નું વસાવેલું શહેર એની જુદી જુદી દિશામાં વધતું દેખાય છે. શહેરના વિકાસમાં વેપારીઓ, બીજા ધંધાદારીઓ, રાજદરબાર સાથે સંકળાયેલા અમીર-ઉમરાવો વગેરેનો ફાળો પણ મહત્વનો ગણાય. સામાન્ય રીતે ઇસ્લામી નગરનુંવેપારી કેન્દ્ર જુમા મસ્જિદ ની આજુબાજુ વિકસતું હોઈ છે. કારણ કે જુમા મસ્જિદ અવાર જવર નું કેન્દ્ર છે. તેથી માત્ર શાહી મહેલની ખિદમત કરતા તત્વો ઉપરાંત લોકોને મદદ કરનાર વેપારીઓ પણ આ સ્થળની આજુબાજુ જેવા મળતા હોઈ છે. આ પરિસ્થિતિ જોતાં અમદાવાદના વેપારનું કેન્દ્ર માણેક ચોક છે તેમાં અને એની પાસે દાણાપીઠ, શાકબજાર, વાસણો કપડા ઝવેરાત ઈત્યાદિની પીઠો જુમા મસ્જિદ ની આજુબાજુ સ્વાભાવિક રીતે વિકસ્યાં છે. જુમા મસ્જિદ સુધીના વિસ્તારનો વેપાર કાલાંતરે અમદાવાદને સ્થિરતા આપતો થયો, તેથી અમદાવાદ નો વિકાસ રાજકીય કેન્દ્ર અને વેપારી તેમજ ઔદ્યોગિક કેન્દ્રો ની આજુબાજુ થયો.

**ઝવેરીવાડ**

રાજદરબારમાં ઝવેરાતનું મહત્વનું સ્થાન હોઈ છે, તો બીજી બાજુ લોકોમાં પણ તેનો ઉપયોગ મહત્વનો હતો. શહેરના વિકાસમાં ઝવેરીવાડતથા માંડવીની પોળ, મહૂરતપોળ વગેરે છે. માણેકચોકની પાસે ઝવેરીઓને મદદ કરનાર રૂપાઘડા પંચાલોની ભઠ્ઠીઓ તથા વસવાટ હોવાનું ત્યાંની વસ્તી પરથી સમજાય છે.ઝવેરીવાડ અને રૂપાઘડા પન્ચાલોની વસ્તી ની

Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2582 – 046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/
E-JOURNAL (HISTORY) SINCE 2019

ઉત્તર સીમા પર અમદાવાદની ટંકશાળો હોવાનો સંભવ ટંકશાળની પોળ દર્શાવે છે. આ ટંકશાળ નું સ્થાન ઘણું સૂચક છે. એને એક તરફ કાલુપુર અને બીજી તરફ દરિયાપુર નો આશ્રય છે અને તેથી એ સલામત સ્થળે છે. વળી ટંકશાળમાં ચાંદી કે સોનું લઇ જનારને કોરા નવા સિક્કા પાડી અપાતા હોવાનો રિવાજ પણ આ પરિસ્થિતિ થી ઘણો સરળ બને છે. ઝવેરાત કે સોના ચાંદીનો વેપાર થતો હોય તેવાસ્થળોની પાસે ટંક શાળ હોવાનું દ્રષ્ટાંત વડોદરા તથા ભૂજમાં છે. એ અમદાવાદમાં સ્થળ નામને ટેકો આપે છે. ઝવેરીવાડ પાસે રૂપાઘડા પંચાલો ઉપરાંત લોખંડ નો ધંધો કરનાર લોહાઘડા પંચાલો લોખંડ ના ઓજારો, પૈડાનીવાટો વગેરે બનાવતા, ઝવેરીવાડ ની પાસે સૂચક રીતે વસતા દેખાય છે. તદ્ઉપરાંત અમદાવાદના કાગળો વેચવાનું, શાહી બનાવવાનું કામ પણ આ જ વિસ્તારમાં થતું.

## પોળો

પોળ ની રચના ભારતીય પરંપરાનુંસાર છે.એમાં પ્રવેશ માટે મોટે ભાગે એક દરવાજો હોય છે તે ‘પ્રતોલિ’ કહેવાય છે, જેના પરથી ‘પોળ’ શબ્દ ઉત્તપન થયો છે. ગુજરાત રાજસ્થાનમાં પ્રચલિત આ શબ્દ ના જેવા ભારતનો ‘કટરા’ શબ્દ છે. ચંદ્રાવતી અને ચાંપાનેરમાં પોળના અવશેષ મળ્યા છે તે પરથી સમજાય છે કે શેહરમાં પણ સ્વબચાવ થાય શકે અને શાંતિ થી એક સમૂહના લોકો એકત્ર રહી શકે તથા એમની જરૂરી સગવડો મળી રહે એવી આ રચના સમચોરસ કે લંબચોરસ હોય છે.એમાં વચ્ચે રસ્તો ચોક કૂવો તથા આજુબાજુ વ્યક્તિગત કુટુંબોના આવાસ વગેરેની વ્યવસ્થા હોય છે. “અમદાવાદનો ઇતિહાસ” ના લેખક સ્વ. મગનલાલ વખતચંદ શેઠ પોતાના પુસ્તકમાં ૧૧૧ જેટલી પોળોના નામ આપેલ છે. જેમાંના કેટલાક આ પ્રમાણે છે. મહૂરત પોળ, માંડવીની પોળ, નાગજી ભુદર ની પોળ, કણસારાની પોળ, લાલાભાઈની પોળ, દેવની શેરી, ખાંડવાળાની પોળ, છીપા મહાવાજીની પોળ, સુરદાશા શેઠ ની પોળ, સમેતશીખરીની પોળ, હરકીશનદાસ શેઠની પોળ, કાકા બળિયાની પોળ, જોઈતા ધોળાની પોળ, સુતરીઆની પોળ, ઘાંચીની પોળ, ધુસા પારેખની પોળ, ઢાળની પોળ, સામળની પોળ, આકા શેઠના કુવાની પોળ, વાઘેશ્વર ની પોળ, કામેશ્વર ની પોળ, લીમડા પોળ,ભાઊની પોળ, નાઈવાડો, છીપવાડો, પીપચડીની પોળ, પખાલીની પોળ, બંગલાની પોળ, દેડકાની પોળ, રૂપા સુરચંદ ની પોળ, લહવાર ની પોળ, હવેલીની પોળ, ચામાચીડિયાની પોળ, ખીજડાની પોળ, દેવજી સરઈઆની પોળ, ખેત્રપાળ ની પોળ, ભઠ્ઠી ની પોળ, ફતાશાની પોળ, નાથા કાકીની પોળ, હિંગલોક જોશીની પોળ, સુતારવાડાની પોળ, દેસાઈની પોળ, પરવડી ની પોળ, હજીરાની પોળ, લાલાવસાની પોળ, લાખા પટેલની પોળ, ઝવેરીવાડો તેમાં રતન પોળ, નગીના પોળ, શેઠની પોળ, ચોખમની પોળ, નીશા પોળ, ઝવેરી પોળ, સોદાગરની પોળ, પાંજરાપોળ, દેવશા નો પોળ, માળીની પોળ, ખજૂરીની પોળ, છાપગર ની પોળ, રાજા મહેતાની પોળ, ભોઈવાડાની પોળ, પરતીગરની પોળ, દાંડીગારાની પોળ, ચીકણની પોળ, હજીરાની પોળ, હિજડાની પોળ, રંગીલા પોળ, નગીના પોળ, જાદવ ભગતની પોળ, હનુમાનની પોળ, કીઅકા ભટ્ટની પોળ, ટંક શાલની પોળ,ધના સુતારની પોળ, વગેરે પોલોનો ઉલ્લેખ જોવા મળે છે. આ ઉપરાંત ૧૬૫ પોળોનો સમાવેશ થાય છે. જેની યાદી નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| અમૃતલાલની પોળ | આંબલીની પોળ | આકા શેઠ કુવાની પોળ |
| અર્જુનલાલની ખડકી | બંગલાની પોળ | બાપા શાસ્ત્રીની પોળ |
| બાવાની પોળ | ભદવા પોળ | ભંડારીની પોળ |

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

| | | |
|---|---|---|
| ભાઉની પોળ | ભવાનપુરાની પોળ | બોબડીયા વૈધની ખડકી |
| બુખારાની પોળ | ચાંલ્લા ઓળ | છગન દફતરની પોળ |
| છીપા માવજીની પોળ | ડબગરવાડ | ડોશીવાડાની પોળ |
| દેડકાની પોળ | દેસાઇની પોળ | દેવની શેરી |
| દેવજી સરૈયાની પોળ | દેયડીની પોળ | ઢાળની પોળ |
| ઢાલગરવાડ | ધનાસુથારની પોળ | ધનપીપળાની પોળ |
| ઢીંકવાની પોળ | ધોબીની પોળ | દુર્ગામાતાની પોળ |
| ફાફડાની પોળ | ફાફડાશેરી | સાઈબાબાની પોળ |
| સાળવીની પોળ | પીપરડી પોળ | ગંગાધીયાની પોળ |
| ઘાંચીની પોળ | ઘાસીરામની પોળ | ગોજારીયાની પોળ |
| ગોલવાડ | ગોટીની શેરી | હબીબની ગોલવાડ |
| હાજા પટેલની પોળ | હજીરાની પોળ | હલીમની ખડકી |
| હનુમાનની ખડકી | હનુમાન પોળ | હારનની પોળ |
| હરી ભક્તિની પોળ | હરિકરસનદાસ શેઠની પોળ | હાથીખાના |
| હવેલીની પોળ | હીરા ગાંધીની પોળ | જાદવ ભગતની પોળ |
| જળકુકડીની પોળ | જાનીની ખડકી | જાતીની પોળ |
| જેઠાભાઇની પોળ | જીવણ પોળ | કચરીયાની પોળ |
| કડવાની પોળ | કડવા શેરી | કવીશ્વરની પોળ |
| કાકા બળીયાની પોળ | કલજુગની ખડકી | કાપડીવાડ |
| કાલુમીયાનો તકીયો | ફતાસા પોળ | સદમાતાની પોળ |
| કાળુશીની પોળ | કામેશ્વરની પોળ | કોઠની પોળ |
| કંસારાની પોળ | ખત્રી પોળ | ખીચડાની પોળ |
| ખીજડાની પોળ | કોકડીયાની પોળ | કોઠારીની પોળ |
| કુવાવાળો ખાંચો | લાખીયાની પોળ | લાલા મહેતાની પોળ |
| લાલા વાસાની પોળ | લાલાભાઇની પોળ | લાંબા પાડાની પોળ |
| લીંબુ પોળ | લીમડા શેરી | મરચી પોળ |
| મહાજન વાડો | મહાલક્ષ્મીમીની પોળ | મહાલક્ષ્મીનો ખાંચો |
| મહુરત પોળ | મકેરી વાડ | મામાની પોળ |
| મામુનાયકની પોળ | માંડવીની પોળ | મણીયાસાની ખડકી |

| | | |
|---|---|---|
| મંકોડીની પોળ | મરચી પોળ | મહેતાની પોળ |
| મોધવાડાની પોળ | મોરલીધરનો વેરો | મોતી રંગીલા પોળ |
| મોટો સુથારવાડો | નાડાવાડાની પોળ | નાગર ભગતની પોળ |
| નાગરબોડીની પોળ | નાગરવાડો | નગીના પોળ |
| નાગજી ભુદરની પોળ | નાગોરીવાડ | નાગુ માસ્તરનો ડેલો |
| નાઇવાડો | નાની હમાની પોળ | નાની રંગીલા પોળ |
| નાનો સુથારવાડો | નાનશા જીવણની પોળ | નવધાની પોળ |
| નીશા પોળ | પાડા પોળ | પાડી પોળ |
| પગથીયાવાળો ખાંચો | પખાલીની પોળ | પંચભાઈની પોળ |
| પંડિતજીની પોળ | પાંજરા પોળ | પરબડીની પોળ |
| પારેખની પોળ | પારેખની ખડકી | પતાસાની પોળ |
| પીપળા શેરી | રાજા મહેતાની પોળ | રબારીવાસ |
| રુગનાથ બંબની પોળ | રતન પોળ | રણછોડજીની પોળ |
| મોતીભાઇની ખડકી | મોતીભાઇની ખડકી | મોતીભાઇની ખડકી |

## સંદર્ભસૂચી


- આત્મારામ મોતીરામ દીવાનજી, મિરાતે સિકંદરી (ગુજરાતી ભાષાંતર), ગુજરાત વર્નાક્યુલર સોસાયટી – અમદાવાદ, ઈ. સ. ૧૯૧૪
- રત્ન મણિરાવ ભીમરાવ જોટે, ગુજરાતનું પાટનગર અમદાવાદ, ગુજરાત સાહિત્ય સભા – અમદાવાદ, ઈ. સ. ૧૯૨૯
- એસ. બી. રાજગોર, Ahmadabad District Gazetteer, અમદાવાદ પ્રથમ આવૃત્તિ ઈ.સ. ૧૯૮૪
- Gazetteer of the Bombay Presidency: Ahmedabad. Government Central Press. ૧૮૭૯.
- કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, મિરાતે અહમદી (ગુજરાતી ભાષાંતર), ભાગ ૧-૩, અમદાવાદ પ્રથમ આવૃત્તિ ઈ.સ. ૧૯૩૩
- યતીન પંડ્યા, DNA. Retrieved ૧૧ જાન્યુઆરી ૨૦૧૫. https://www.dnaindia.com/analysis/column-ahmedabad-gates-residue-of-past-or-the-pride-of-the-present-1498198
- ભોળાભાઈ પટેલ, દિવ્ય ભાસ્કર અહેવાલ ૧૦ ફેબ્રુઆરી ૨૦૧૨. https://www.divyabhaskar.co.in/news/mag-amdavad-pol-culture-1888076.html